**<u>–:: આંક–૦૧ લગત હુકમ ::–</u>**

(૧) વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેઓએ ન્યાયોચીત હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) હાલના કામે પોલીસ ધ્વારા આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુન્હાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે.

(૩) આ તબકકે નામ. કેરેલા હાઈકોર્ટના MEHABOOB V/s. THE STATE (Crl.MC.No.702 of 2011) ના ચુકાદાનો પેરા–૧૧ જે સરળતા સારુ નીચે નોંધેલ છે તે ધ્યાને લેવો જરૂરી બને છે.

11. The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magistrate of offences punishable under secs.184 and 185 of the code on a charge sheet submitted by the police officer after an investigation in violation of sec.155(2) of the code is illegal and for reasons I have stated, the said charge sheet cannot also be deemed to be a complaint as defined under sec.2(d) of the code. cognizance taken being illegal is liable to be quashed.

(૪) નામ. કેરેલા હાઈકોર્ટે ઉકત ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે પોલીસને એમ.વી.એકટ–૧૮૫ એ નોન કોગ્નીઝેબલ ગુન્હો હોય પોલીસને તપાસ સારુ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ –૧૫૫(૨) મુજબ સંબંધિત જયુ. મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લેવી જરૂરી બને છે. આ કામે રેકર્ડ જોતા પોલીસે સદર મંજુરી મેળવેલ ન હોય હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૫૫(૨) ધ્યાને લેતા તેમજ નામ. કેરેલા હાઈકોર્ટના ઉકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા કાયદા વિરુધ્ધની બને છે.

(૫) વધુમાં મોટર વ્હીકલ એકટની કલમ–૨૦૨ માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે કોઈ અનિયંત્રિત સત્તા આપેલ નથી. આ ધરપકડની સત્તા સંજોગોને અનુરુપ ખાસ કાર્યવાહી માટે આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયંત્રિત સત્તા હોવા માત્રથી એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુન્હો કોગ્નીઝેબલ બની જતો નથી. એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુન્હા બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડયુલ–૧, ભાગ–૨ ના ક્રમાંક નં. ૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા કલમ–૧૮૫ મુજબનો ગુન્હો સ્પષ્ટપણે નોનકોગ્નીઝેબલ ગુન્હો છે. નોનકોગ્નીઝેબલ ગુન્હા બાબતે સી.આર.પી.સી.ની કલમ–૧૫૫(૨) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની

યોગ્ય પરવાનગી લીધા વગર તપાસ કરવામાં આવે તો આવી તપાસ કાયદા વિરૂધ્ધની જણાય છે તેમજ મેજીસ્ટ્રેટ આવા ગુન્હા સબબ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. નોનકોગ્નીઝેબલ ગુન્હો હોવા છતા પોલીસ ધ્વારા શરૂઆતથી કોગ્નીઝેબલ ગુન્હાની જેમ સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુન્હાની જેમ તપાસ કરી, તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે, જેથી આવા ચાર્જશીટને સી.આર.પી.સી.ની કલમ–૨(ડી) મુજબ ફરિયાદ તરીકે પણ ગણી શકાય નહી. એમ.વી.એકટની કલમ–૧૮૫ અને કલમ–૨૦૨ માં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુહો નોનકોગ્નીઝેબલ ગુન્હો છે. સી.આર.પી.સી. ની કલમ–૧૫૫(૨) ની જોગવાઈ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનું પાલન કર્યા વગર પોલીસ ગુન્હાની તપાસ કરી શકે નહી અને તેમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે તપાસ કાયદા વિરૂધ્ધની છે અને મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ શકે નહી. વધુમાં જો ગુન્હાનું કોગ્નીઝન્સ લેવામાં આવે તો તે સી.આર.પી.સી.ની કલમ–૧૬૧ મુજબની એવી ગેરકાયદેસરતા જણાય, જેનાથી સમગ્ર કાર્યવાહી દુષિત અને હકુમત વિહિન કાર્યવાહી બને તેમજ આવી કાર્યવાહી શરૂઆતથી જ નિરર્થક ગણાય. આમ, ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ) ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૫૫(૨) ની જોગવાઈઓથી બાધિત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ મુજબ સ્થગિત કરી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે કરેલ વચગાળાનો હુકમ આથી કાયમી કરવામાં આવે છે.

આજરોજ અદાલતના સ્પે. સિટિંગમાં હુકમ જાહેર કર્યો.

સ્થળ : ખેરાલુ
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

(આર.વી.સોની)
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ખેરાલુ
કોડ નં. જી. જે. ૦૧૧૯૩